આસપાસ ચોપાસ

# વીરસદ



## વીર વસનદાસના સત્કાર્યો અને સખાવતો લોકોના હૃદયપટ અવિસ્મરણીય છે

વીરલ અને ઉદાર વ્યક્તિત્વ વીર વસનદાસ બાપાએ વીરસદના હજારો કુટુંબોનું કલ્યાણ થાય તેવા કાર્યો સાથે દરેક સમાજના લોકો સાથે ઉદારતા રાખી હતી. દાનવીર વીર વસનદાસબાપા 53 વર્ષનું અવિસ્મરણીય આયખું જીવ્યા હતા. દિલ્હીના બાદશાહ સુધી જેની હાંક વાગતી તેવા વસનદાસબાપાના બે દત્તક પુત્રો હતા. નરસિંહદાસ અને નરોત્તમદાસ. વીરસદ ગામમાં વસેલ અમીન સમાજ નરસિંહદાસ અને નરોત્તમદાસના વંશજ છે. તેઓએ દિલ્હીના બાદશાહો સાથે સંબંધ કેળવી પોતાની કુનેહથી વીરસદ તથા કેટલાય ગામોને જાહોજલાલી અપાવી હતી. સમય જતા વંશનો વિકાસ થતો ગયો. તેમણે ઘણા જોખમો ખેડી, જહેમત ઉઠાવી, બુદ્ધિચાતુર્ય થકી મુંબઈ, વડોદરા અને અમદાવાદ જેવા શહેરોમાં વ્યાપાર સ્થાપ્યા. કેળવણી સંસ્થાઓ, દવાખાના જેવી જાહેર સેવાઓ તથા અન્ય પ્રવૃત્તિ થકી દેશ દેશાવરમાં વ્યાપ વધાર્યો હતો. આઝાદીની લડતમાં પણ વીરસદના વીરોના નામ કંડારાયા હતા. આવા પૂર્વજોની ગાથા એની સાક્ષી પૂરે છે કે તેઓ સદાય આપણા હૃદયપટ પર જીવંત રહેશે.



## વીરસદ કેળવણી મંડળ દ્વારા બોરસદ તાલુકામાં સૌ પ્રથમ ઈ.સ.1927માં શ્રી વસનદાસ હાઈસ્કૂલની શરૂઆત થઈ હતી

સને 1885માં ઝવેરભાઈ દીવાન સાહેબે વીરસદ કેળવણી મંડળનો પાયો નાંખ્યો હતો. શરૂઆતમાં પહેલું, બીજું અને ત્રીજું એવા વર્ગો ચલાવવામાં આવતા હતા અને તા.30/01/1927ના રોજ વીરસદ કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ બોરસદ તાલુકામાં સૌ પ્રથમ ઈ.સ.1927માં શ્રી વસનદાસ હાઈસ્કૂલની શરૂઆત થઈ. પાટીદારોના ઉદ્ધારક વીર વસનદાસબાપાના વંશજોએ આ સંસ્થાનું નિર્માણ કરેલ હોવાથી તેનું નામ શ્રી વસનદાસ હાઈસ્કૂલ રાખવામાં આવ્યું. હાઇસ્કૂલનું મકાન વીરસદના દાનવીરોએ તૈયાર કર્યુ છે. તેનું ખાતમૂહુર્ત તા.07/09/1939ના રોજ અમીન નાથાભાઈ ઓતમભાઈના શુભહસ્તે થયું હતું. તે હાઇસ્કૂલનું ઉદ્ઘાટન તા. 27/12/1947ના રોજ શ્રી મણીભાઈ ભાઇલાલભાઇ દાજીભાઈ અમીનના હાથે થયું હતું. આગળ જતા ધોરણ- 8 થી 10ના વર્ગો શરૂ થયા. શરૂઆતના વર્ષોમાં આસપાસના કેટલાય ગામડા જેવા કે બામણવા, વટાદરા, જલસણ, જંત્રાલ, ખાનપુર, રણોલી,રાસ, ધર્મજ-ના વિદ્યાર્થીઓ કેળવણી તથા શિક્ષણ માટે પગપાળા અથવા સાયકલ લઈને વીરસદ સુધી આવતા હતા. આવા અનેક વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી દેશ-વિદેશમાં ઉચ્ચ પદો પર આરૂઢ થઈને આ સંસ્થાનું નામ રોશન કરેલ છે. આજે આશરે 600 વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓ વીરસદ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓમાં શિક્ષણનો લાભ લે છે. વીરસદ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓમાં શિક્ષણ તથા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર થાય છે. શાળામાં રાષ્ટ્રીય પર્વોની ઉજવણી તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.આ પ્રવૃત્તિઓ સાથે વિદ્યાર્થીઓમાં છુપાયેલા કૌશલ્યોને બહાર લાવવા પ્રયત્ન કરવામાં આવે છે.

## જીવન ઝરમર

- સં. ૧૭૦૯માં વીર વસનદાસનો જન્મ થયો હતો
- સં. ૧૭૫૪ની આસપાસ વીર વસનદાસે નાગરશાહીનો અંત લાવી પટેલોને સત્તા પર લાવ્યા.
- સં. ૧૭૫૪માં અમદાવાદના સૂબા પાસેથી વસનદાસે ૨૪૨ ગામનો ઈજારો મેળવ્યો.
- સં. ૧૭૬૦માં અમદાવાદના સૂબાની ટકોરથી તેની હાજરીમાં ૫૦૦ વીઘાનું દાન વસનદાસે કર્યું ને ખેતરોમાં વાવ, કૂવા બંધાવવાની શરૂઆત કરી.
- રાજપીપળાના રાજભાયાતોની તકરારનું વસનદાસે સમાધાન કર્યું. અડધો લાખ રૂપિયા રાજાને આપ્યા. નંદેરીયું ગામ નર્મદા કિનારાના ગંગનાથને બક્ષિસ આપ્યું.
- સં. ૧૭૬૨માં તેમના શત્રુઓના કાવતરાથી ખંભાતની લડાઇમાં વસનદાસનું ખૂન થયું. તેમના પાર્થિવ દેહને અગ્નિદાહ આપી તે જગ્યાએ આશાપુરી (પીપળાવ)માં તુલસીક્યારો બનાવાયેલ છે





## શિક્ષણ દ્વારા જ્ઞાનરૂપી ગંગાનો પ્રવાહ અવિરત વહેતો રહે તેવા આશયથી મંડળ દ્વારા વિવિધ સંસ્થાઓ કાર્યરત થઈ

૧) હરિબા બાલમંદિર : વર્ષ:-૧૯૬૫
૨) શ્રી વસનદાસ પ્રાથમિક શાળા : વર્ષ:- ૧૯૮૫-૮૬
(ધોરણ-૧ થી ૭ના વર્ગોની ક્રમશ: શરૂઆત)
૩) સૂરજબા વનિતા જ્ઞાનમંદિર : વર્ષ:- ૧૯૩૬
૪) શ્રી વસનદાસ હાઈસ્કૂલ:
ધોરણ-૮ થી ૧૦ના વર્ગોની ક્રમશ: શરૂઆત
ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ)ની
શરૂઆત વર્ષ :- ૨૦૧૩-૧૪

## વીરસદના વૈભવની ઐતિહાસિક તવારીખ

- સવંત ૧૮૬૫માં ગુજરાતી શાળાની શરૂઆત કરવામાં આવી હતી
- સવંત ૧૮૮૫માં અંગ્રેજી શાળાની સ્થાપના દિવાન ઝવેરભાઇ અમીને કરી હતી
- સવંત 1870માં કન્યાશાળાની સ્થાપના થઇ હતી
- સવંત 1870માં પોલીસથાણું બનાવવામાં આવ્યું હતું
- સવંત 1917 સં. 1989 માં પુસ્તકાલયની સ્થાપના થઇ હતી
- સવંત 1927માં ટાવર સાથે પુસ્તકાલયનું મકાન થયું હતું.
- સંવત 1991માં હર્ષનાથ વ્યાયામશાળાની સ્થાપના તથા મકાન બંધાયું.
- સંવત 1967માં વીરેશ્વર મહાદેવનો જીર્ણોદ્ધાર થયો.
- સંવત 1762માં રજપૂત નાગજી નારણજીએ ધાડ સામે યુદ્ધ કરી બલિદાન આપ્યું. તે સાલે તેમના પાળિયા થયા.
- ગુજરાતી સ્કૂલનું ખાતમુહૂર્ત રાજમિત્ર તુલસીભાઇ બકોરભાઇના હસ્તે તા. 16-4-40 ના રોજ થયું હતું.





## સરકારે સને 1921માં પ્રથમ દવાખાનું વીરસદમાં સ્થાપ્યું હતું

સરકારે સને 1921માં પ્રથમ દવાખાનું વીરસદમાં સ્થાપ્યું હતું. તેનું મકાન શ્રી ઝવરભાઇ અમીન તથા શંકરભાઇ જોરાભાઈ અમીને શ્રી નાથાભાઈ વિઠ્ઠલદાસ ડીસ્પેન્સરી નામથી બંધાવી આપ્યું હતું. સ્ટાફના મકાનો, પ્રસુતિગૃહ, મેઇલ વોર્ડ, ફિમેલ વોર્ડ આજુ-બાજુ પાકો કોટ છે. આ સિવાય ગામમાં દેશી-વિદેશી 4-5 વૈદ ડોક્ટરો પણ સેવા બજાવી રહ્યા છે.

## પીવાના પાણી અને સિંચાઈ માટે વાવ કૂવા બનાવી ખેડુતોએ અલાયદી વ્યવસ્થા કરી

વીરસદના કેટલાક વિસ્તારોમાં દરેક ઘરમાં પાણીની કૂઇઓ આવેલી હતી. આવી લગભગ 45 ઉપર કૂઈઓ હતી. 50 ઉપરાંત હેન્ડ પંપો હતા. ગામની ભાગોળે મીઠા પાણીની પૌરાણિક વાવ બાંધેલી છે. તે વાવનો તથા દરવાજાનો જીર્ણોદ્ધાર સંવત 1994માં કરાવ્યો હતો. હવાડો વાવના પાણીથી ભરાય છે, હવાડો પાકો બાંધેલો છે. ખેતરોમાં સિંચાઇ માટે 150 ઉપરાંત કૂવા છે . 20 ઉપરાંત પંપો છે. અને તેનો ઉપયોગ તમાકુ, રવિ પાક, શાકભાજી વગેરે પાક તૈયાર કરવામાં થાય છે. સીમાડે નાની-નાની તલાવડીઓ છે. ગામની પૂર્વે 33 એકર ને 36ગુંઠાનું વિશાળ તળાવ છે. આરા ઓવારા વંઢીઓ બાંધી છે. ઢોરને પાણી પીવા માટે અંદર જવા ખડિયાટ છે.



